આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૯૨ ૪ જાન્યુઆરી, ૨૦૧૫, રવિવાર ; પોષ સુદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આજ કે જમાને મેં વોહી ‘ઇમાનદાર’ હૈ, જીન્હે બેઇમાની કા મૌકા નહીં મીલા

- રજનીશ

# જીઆઈડીસી વિસ્તાર દબાણમુક્ત કરાયો

## જી.આઈ.ડી.સી.માં ૧૦ હજાર ચો.મી. જગ્યા ખુલ્લી કરાઈ : ગેરકાયદે દબાણો દૂર કરવા જેસીબી ડમ્પર અને ટ્રેક્ટરોનો ઉપીયોગ કરાયો : એક હજાર મીટર જેટલી જમીન પર ધાર્મિક દબાણનો મુદ્દો પણ પ્રકાશમાં આવતાં તંત્ર ચોંક્યું







ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સીમાડે આવેલ એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીયલ વસાહતમાં ૧૦ હજાર ચો.મી. જેટલી જગ્યા પર કરાયેલા ગેરકાયદે દબાણો દૂર કરી ખુલ્લી કરવામાં આવી છે.

સે. ૨૮ નજીકની આ જી.આઈ.ડી.સી. એસ્ટેટને જી.આઈ.ડી.સી. દ્વારા કમ્પાઉન્ડ વોલ તેની હદ નિયત કરતી ન બતાવી હોવાથી સરકારી જમીન પર ગેરકાયદે દબાણો ઉભા થઈ ગયા હતા. તંત્રએ આજે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરી આ ગેરકાયદે દબાણો દૂર કર્યા હતા.

સંયુક્ત ઓપરેશન દરમ્યાન ૧ હજાર મીટર જગ્યામાં ઉભા કરાયેલા ગેરકાયદે મંદિરની આસપાસના દબાણો પણ દૂર કરાયા હતા. જો કે મંદિરની જગ્યાને લઈ હાલ ચકાસણી ચાલી રહી હોવાનું કહેવાય છે. જો કે તંત્રએ આ મંદિર પરિસરનું ગેરકાયદે વીજ જોડાણ અને પાણીનું જોડાણ પણ કાપી નાખ્યુ છે.

ગાંધીનગર જી.આઈ.ડી.સી.ની બાજુમાં આવેલ આદિવાડા ગામના ગેરકાયદે દબાણોને લઈ તંત્રએ તેમને બે દિવસની મહેતલ આપી જણાવી દીધુ છે કે સનદમાં દર્શાવેલા વિસ્તાર સિવાયની જગ્યા પરના દબાણો દૂર કરી દેવામાં આવશે.

૧૨-૧૧-૨૦૧૪થી શરૂ થયેલી શહેરમાં દબાણ હટાવ ઝુંબેશમાં અત્યાર સુધી ૧૩૦૦ થી પણ વધુ દબાણો દૂર કરાયા છે. દબાણો પુનઃ ન થઈ જાય તે માટે તંત્રએ પણ દબાણકારોને કડક તાકીદ કરી છે એટલુ જ નહિ વન વિભાગ માર્ગ-મકાન વિભાગને પણ દબાણો પુનઃ થશે તો તેમના જવાબદાર કર્મચારીઓ



સામે પગલાં લેતાં તંત્ર અચકાશે નહિ.

શહેરને દબાણ મુક્ત નગર બનાવવાનું અભિયાન આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જી.આઈ.ડી.સી. વિસ્તારમાં વધી ગયેલા દબાણોને લઈ તાજેતરમાં જિલ્લા કલેકટરશ્રીએ તમામ વિભાગો અને વસાહતના એસો.ના આગેવાનો સાથે સંયુક્ત બેઠક યોજી હતી. આ બેઠકતમાં ઉજીએ સંયુક્ત ઓપરેશન હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો એટલુ જ નહિ સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈનો કાર્યક્રમ પણ અપાયો હતો. આજે આ એસ્ટેટમાં સફાઈનું જોરદાર અભિયાન યોજવામાં આવ્યું હતું.

આ વસાહતની આસપાસ સરકારી જમીન જેનો કબ્જો માર્ગ-મકાન વિભાગ અને વન વિભાગ પાસે છે તેની હદને લઈ પણ વિવાદ પ્રવર્તતો હોવાની વાતોએ વહીવટીય વિવાદ ઉભો થવા પામ્યાનું જાણવા મળેલ છે. બન્ને વિભાગો પાસે પુરતી વિગતો ઉપલબ્ધ ન હતી.

આજે આ સંયુક્ત દબાણ ઓપરેશનમાં તંત્રએ ૪ જેસીબી, ૪ ટ્રેક્ટર, ૪ ડમ્પર સહિત સંખ્યાબંધ શ્રમિકોને કામે લગાડ્યા હતા.

સાંજે ગાંધીનગર મામલતદાર શ્રી ડી.જી. મોદીએ જણાવ્યું હતું કે, ગેરકાયદે દબાણો દૂર કરવાનું અભિયાન તંત્ર દ્વારા ચાલુ રાખવામાં આવશે.


તેમણે કહ્યું હતુ કે જીઆઈડીસી દ્વારા આ વસાહતને ફરતે કમ્પાઉન્ડ વોલના નિર્માણનું કાર્ય પણ ઝડપથી હાથ ધરવામાં આવશે તેવુ જીઆઈડીસીએ જણાવ્યુ છે.

## ગાંધીનગરમાં ૧૩ ડિગ્રી તાપમાન નોંધાયું

### વરસાદી ઝાપટાની આગાહી વચ્ચે તાપમાનમાં ફરી ઘટાડો

ગાંધીનગર,તા. ૩

અપર એર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતીના કારણે હવામાનમાં સતત ફેરફારની સ્થિતી જોવા મળી રહી છે. ઉત્તર કોકણ અને ગુજરાતના આસપાસના વિસ્તારોમાં સર્જાયેલી સ્થિતીના કારણે આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૫.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતુ. જે ગઈકાલે શુક્રવારે ૧૭.૫ ડિગ્રી રહ્યું હતુ. આજે સવારે નલિયામાં સૌથી ઓછુ તાપમાન ૧૦ ડિગ્રી રહ્યું હતુ. જ્યારે ભુજમાં ૧૧.૫ ડિગ્રી તાપમાન રહ્યું હતુ. તાપમાનમાં સતત ફેરફારના કારણે માસુમ બાળકો અને મોટી વયના લોકો બિમારીના શિકાર થઈ રહ્યા છે. રાજ્યના પાટગનર ગાંધીનગરમાં આજે લઘુતમ તાપમાન ૧૩ ડિગ્રી રહ્યું હતુ. હવામાન વિભાગ તરફથી કોઈ પણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી. પરંતુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. સમગ્ર ઉત્તર ભારતમાં હાલ કાતિલ ઠંડી પડી રહી છે. અમદાવાદ સહિત ગુજરાતમાં આજે પણ લોકોએ બેવડી સિઝનનો અનુભવ કર્યો હતો. સવારમાં ઠંડા પવનના કારણે લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો. જ્યારે બપોરના ગાળામાં ફરી ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો.આજે સવારથી જ વાદળછાયું વાતાવરણ હતું જેના કારણે સવારમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. હજુ પણ આવું વાતાવરણ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. દરમિયાન હાલમાં હવામાનમાં એકાએક પલટો આવી ગયો છે. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં દાવો કરવામાં આવ્યો છે કે આવતીકાલે શહેરમાં લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રીની આસપાસ રહી શકે છે. જો કે કેટલીક જગ્યાએ વરસાદી ઝાપટા પડી શકે છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદી ઝાપટા પડી રહ્યા છે.



અર્ક વ્યાખ્યાનમાળા

ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત પૂજ્ય મોરારિબાપુના પથિકાશ્રમ પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલ વ્યાખ્યાન દરમિયાન પાર્કિંગ વ્યવસ્થા

સહયોગ બિલ્ડીંગ પાછળ, નગરપાલિકા ભવન સામે, સેક્ટર-૧૧, ગાંધીનગર

Kalp Infrastructure Pvt. Ltd. ભાવેશ શાંતિલાલ ચૌહાણ

સરગાસણ - શાહપુર ગીફ્ટ સીટી ૨૦૦ ફુટનાં મેઈન રોડ પર

સુવિધા અનેક પસંદગી માત્ર એક



એક્સક્લુઝીવ લક્ઝુરીયસ, રેસિડેન્સીયલ ફ્લેટની સ્કીમ

Capitol Flora

14.80 થી 16.28 લાખ સુધી

સેમ્પલ હાઉસ રેડી

1 BHK
74 ચો.વારના ફ્લેટ

સુવિધાઓ :
- જિમ્નેશીયમ/ પીટનેશ ક્લબ
- કિડ્ઝ ઝોન ● જોગર્સ ટ્રેક
- ક્લબ હાઉસ / સ્પોર્ટસ રૂમ
- બ્યુટીફુલ લેન્ડ સ્કેપીંગ
- વિશાળ ફુલ્લી પાર્કીંગ
- યોગા ઝોન ● ગઝેબો-મીટીંગ પ્લેસ
- વેલ ડેકોરેટીવ એન્ટ્રન્સ વીથ સીક્યુરીટી કેબીન
- એન્ટ્રન્સ ગેઈટ અને ગ્રાઉન્ડ ફ્લોર એરીયામાં સી.સી.ટી.વી. કેમેરા




શહેરના જુના અને જાણીતા

ભાવેશ શાંતિલાલ ચૌહાણ : 9825051256



હવે મેળવો

11.36% દ.વ.*

વાર્ષિકીકૃત ઉપજ 60 મહિના મુદતની

ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર

આપની જમા રાશિને 8 વર્ષ 1 માસમાં બમણી કરો!!*

ડીસીબી બૅન્ક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરે: 9825647075 / 9879204002 / 65730141

*કર-પહેલાની વાર્ષિકીકૃત ઉપજ દ.વ. 9.10% દરે 60 મહિના ટર્મ ડિપોઝિટ માટે ત્રિમાસિક ચક્રવૃદ્ધિ ફ્રીકવન્સીના અનુમાન આધારે જયારે વ્યાજ અને મુદ્દલ મુખ્ય પરિપક્વતા પર ચૂકવવામાં આવે છે. *8.75%નાં વાર્ષિક વ્યાજ દરે અને સંચિત વિકલ્પ પર પૂર્વ ટીડીએસ. નિયમો અને શરતો લાગુ. આ વ્યાજ દરો 10 ડિસેમ્બર, 2014 થી લાગુ રહે છે અને કોઈપણ પૂર્વ સૂચના વિના ફેરફારને આધીન છે.

DCB Bank Limited (Formerly Development Credit Bank Limited)

DCB BANK